જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ અને ૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૪૩/૧૭

**મણીનગરઃ (૧)** રુક્શાનાબાનું વા/ઓ નિસારઅહેમદ અંસારી(ઉ.વ.૪૫)(રહે.અર્બનનગર જુના બાપુનગર) એ તા.૩/૨/૧૭ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૨૦૧૬ થી તા.૪/૭/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નિલેશ કાંતિભાઈ વાઘેલા (રહે. કલ્પતરુ મિલેનિયમ ગામ.ઝુંડાલ ગાંધીનગર)(૨) મકદુમ જહરભાઈ ઘાંચી (રહે.બાપુનગર બસ સ્ટેન્ડ પાસે સ્ટેડીયમ રોડ બાપુનગર)(૩) સઈદ જબ્બારભાઈ ઘાંચી (રહે.કાલુપુર બ્રીજના છેડે ઈંટવાળ, લલીતાબેનની ચાલી) એ ભેગા મળી રુકશાનાબાનું તથા સાહેદોના મકાનની સબસીડી કપાવવાનું જણાવી રૂકશાનાબાનુ અને સાહેદો પાસેથી મળી કુલ રૂપિયા ૭,૬૫,૦૦૦/- મેળવી લઈ છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**(૨)** ચંદ્રિકાબહેન પ્રકાશચંદ્ર મહેતા (ઉ.વ.૭૦) (રહે. શુકલ્પ એપાર્ટમેન્ટ પંચવટી સોસાયટી રમણનગર મણીનગર) તા.૨/૨/૧૭ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે મણીનગર ચાર રસ્તા પાસે જે.બ્રધર્સ સ્ટેશનરીની દુકાનની બાજુમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે (૩૦ થી ૪૫ વર્ષના આશરાના) ત્રણ પુરૂષ ચંદ્રિકાબહેનને પોલીસની ઓળખ આપી વિશ્વાસમાં લઈ ચંદ્રિકાબહેને પહેરેલ સોનાની બંગડીઓ નંગ-૪ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- કઢાવી લઈ પડીકામાં મુકાવી ચંદ્રીકાબહેનને નકલી બંગડીવાળુ બીજુ પડીકુ આપી છેતરપીંડી કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચંદ્રિકાબહેન મહેતાએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ ખરાડી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોલા હાઈકોર્ટઃ** હર્શાબહેન નવીનચંદ્ર પટેલ (રહે. જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ સ્ટાફ ક્વાર્ટર્સ, સોલા ભાગવત ચાર રસ્તા, એસ.જી. હાઇવે, સોલા) એ તા.૩/૨/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૧૩ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જીતેન્દ્ર દામજી રાઠોડ (રહે. તુલસી બંગ્લોઝ, વંદે માતરમ ગોતા સોલા) એ શાંતીપુજ્ય હોમ્સ ફ્લેટ ખાતે ફ્લેટ વેચવાની વાત કરી હર્શાબહેનને લોભામણી લાચચ આપી રૂપિયા ૩,૧૧,૦૦૦/- લઈ ફ્લેટ કે પૈસા પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૪/૧૭**

**નિકોલઃ** બળભદ્રસિહ અજીતસિંહ ચુડાસમા (રહે.ક્રિષ્ણા એપાર્ટમેન્ટ જલદીપપાર્ક સોસાયટી સામે ખોડીયારનગર) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૨/૧૭ કલાક ૦૦/૦૦ થી તા.૩/૨/૧૭ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રામસિહ ચેહરસિહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૫/૧૭**

**રામોલઃ** રાજેન્દ્રભાઇ અનંતભાઇ બારોટ (ઉ.વ.૪૭) (રહે.ઇલા સોસાયટી ઇન્ડીયા કોલોની ઠક્કરબાપા રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૨/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે લક્ષ્મણભાઇ એસ્ટેટની અંદર આવેલ આનંદ એસ્ટેટ,મદ્રાસ એન્ટ્રપાઇઝ નામની કંપનીના દરવાજા નજીક રાજેન્દ્રભાઈ એક્ટીવા પાર્ક કરતા હતા ત્યારે મોટર સયકલ ઉપર આવેલ એક પુરૂષ રસ્તો પુછવાના બહાને રાજેન્દ્રભાઈની નજીક આવ્યો હતો. જેથી રાજેન્દ્રભાઈ રસ્તો બતાવવા ગયા હતા દરમ્યાન તે જ પુરૂષ રાજેન્દ્રભાઈના એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૮૯,૩૮૦/- ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**ઈસનપુરઃ** કન્યાબહેન વા/ઓ દેવાજી પ્રજાપતિ (ઉ.વ.૬૦) (રહે. રાજપથ સોસાયટી નિગમ રોડ ઘોડાસર વટવા) તા.૩/૨/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઈસનપુર જેઠાભાઈની વાવથી શટલ ઓટોરિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ એક સ્ત્રી અને બે પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી કન્યાબહેનને પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી ચંદ્રીકાબહેનને ઇસનપુર ઘોળેશ્વર મહાદેવ મંદીર સામે ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કન્યાબહેને ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૬/૧૭</u>**

**ગાયકવાડ હવેલીઃ** અમરીન વા\ઓ અકબરભાઇ સુરતી (ઉ.વ.૨૭) (રહે.મોટાબંબા વચલીગલી જમાલપુર) તા.૨/૨/૧૭ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ત્રીજે માળે કપડા સુકવતી વખતે પગ લપસી જતા નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ઇન્ચાર્જ મ.પો.કમિ.શ્રી 'ઇ' ડીવીજન ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)